સુંદર જાદુગર.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

માસ્તર નાનાલાલ મગનલાલ.

જાદુ મંત્રનાં પુસ્તકો વેચનાર

ઠેકાણું-રીચીરોડની સડક ઉપર-અમદાવાદ.

શ્રી "સત્યસાગર" પ્રિન્ટીંગ પ્રેસ.—અમદાવાદ.

આવૃત્તિ. ૧ લી. પ્રત ૫૦૦ સને ૧૯૧૦

કિમ્મત ચાર આના.

ગુજરાત ... દાવાદ ... ૨૮૬૪.
ગુજરાતી કૉપીરાઈટ-સં...

સુંદર જાદુગર.

વીંટી ચોરનારનું નામ કહેવું.

મંડળીના સઘળાં માણસોને નંબરવાર બેસાડી પછી તેઓની આગળ એક વીંટી મુકી કહેવું કે તમારામાંથી ગમે તે માણસ મને ન બતાવતાં આ વીંટી ચોરી લેઇ પોતાના ગમે તે હાથની ગમે તે આંગળીના ગમે તે વેઢ પર પહેરી લ્યો, એમ કહી આપણે મંડળામાંથી બહાર નીકળી જઇ ગમે ત્યાં ઉભા રહેવું. અને મંડળીના માણુસોમાંથી એકાદ માણુસે તે વીંટી ચોરી લીધા પછી આપણુને પાછા બોલાવવામાં આવે ત્યારે આવી કહેવું કે તમારામાંથી એકાદ માણુસ કે જેને વીંટી કોણે લેઇ કયાં આગળ પહેરી રાખી છે તેની ખબર હોય તે મહેરબાની કરી હું કહું તેટલો હીસાબ કરો. એકાદ માણુસ હીસાબ કરવા તૈયાર થયા પછી તેને કહેવું કે જેટલામાં નંબરવાળા માણુસ પાસે વીંટી હોય તેનો પ્રથમ આપ મને ન બતાવતાં નંબર લખો. અને તે નંબરને પછી બમણો કરો, અને તેમાં બીજા પાચ ઉમેરો બાદ તે જેટલા થાય તેને પાંચે ગુણો અને તે ગુણાકાર જે આવે તેમાં બીજા દશ ઉમેરો, પછી જો વીંટી જમણા હાથે પહેરી હોય તો બે અને ડાબા હાથે પહેરી હોય તો તે રકમમાં એક ઉમેરો, પછી તે રકમને દશે ગુણો અને તે જે રકમ આવે તેમાં આંગળીનો નંબર ઉમેરો, જેમકે અંગુઠા પાસેની આંગળી હોય તો એક ઉમેરો. વચલી આંગળીએ વીંટી પહેરી હોય તો બે ઉમેરો અનામીકા હોય તો ત્રણ ઉમેરો, અને જો ટચલી આંગળીએ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૨૮૬૪ वर्गांक

पुस्तकनुं नाम સુંદર જાદુગર

विषय ઇસપ

પહેરી હોય તો ચાર ઉમેરો, અને પછી તે જે સરવાળો થાય તેને દશે ગુણો, અને તે સરવાળો થાય તેમાં જેટલામાં વેઢાવાર પહેરી હોય તે ઉમેરો ઉપર પ્રમાણે હીસાબ કરાવ્યા પછી જે કુલ આંકડો થાય તે આપણે પુછીજોવો અને તે રકમમાંથી ૩૫૦૦ની સંખ્યામાંથી બાદ કરતાં બાકી જે વધે તે સંખ્યાનો પહેલો આંકડો એ માણસનો નંબર, બીજો આંકડો એ હાથનો નંબર, ત્રીજો આંકડો એ આંગળીનો નંબર, અને ચોથો આંકડો એ વેઢનો નંબર જાણવો.

પાસાના દાણા કેટલા પડયા તે વગર જોયે કહેવા.

પહેલાં એક પાસાના જેટલાં દાણા પડયા હોય તેમાં બે ઉમેરવાને કહેવું. પછી તેમાં એક ઉમેરવો, અને તે રકમને પાંચે ગુણવા પછી બીજા પાસાના દાણા ઉમેરવા અને તે જેટલો સરવાળો આવે તેમાંથી ૨૫ બાદ કરવા પછી બાકી રહેલી રકમ તે માણસોને પુછવી તો તે જે રકમ બતાવે તે રકમનો પહેલો આંકડો હોય તે પહેલા પાસાપરના દાણા અને બીજો આંકડો તે બીજા પાસાપરના દાણા સમજવા.

વગર જાણે બીજા માણસના છોકરા છોકરી-ઓની શંખ્યા કહેવી.

કોઇ માણસને કોઇ બીજા માણસના છોકરા મનમાં ધારવા કહેવું તેણે તે ધાર્યા પછી તેના બમણા કરી પાંચે ગુણવા કહેવું, પછી જેટલી છોકરીઓ તે માણસને હોય તેટલી ઉમેરવાને કહેવું, એમ ઉમેર્યા પછી તે આવેલી સંખ્યા પુછી લેવી. જેના પહેલા આંકડા જેટલા છોકરાઓ, અને બીજા આંકડા જેટલી છોકરીઓ જાણવી.

કોઇ માણુસે કોઇ રકમમાંથી એકાદ આંકડો ભુસી નાંખ્યો હોય તે કહેવાની રીત.

કોઇ માણુસને એક રકમ ગમે તેટલી સંખ્યાની લખવાને કહો અને તે જે સંખ્યા લખે તેના સઘળા આંકડાઓનો કુલ સરવાળો કરી તે રકમમાંથી બાદ કરવાને કહો. પછી જે રકમ બાકી રહે તે બીજા કોઇ ઠેકાણે લખી તેમાંથી એકાદ આંકડો ભુસી નાંખ્યા બાદ આપણને બતાવવાને કહો તે માણસ તે પ્રમાણે કરી આપણને જે સંખ્યા બતાવે તેને નવે ભાગતાં જે બાકી વધે તે બાદ કરતાં જે રહે તે આંકડો ભુંસી નાખેલો જાણો.

વગર સાધને ઝાડની ઉંચાઇ માપવી.

ઝાડની થોડેક દુર જઇ ઝાડ તરફ પીઠ કરી ઉભા રહેવું. બાદ વાંકા વળી બે પગ વચ્ચે માથુ રાખી ઝાડ તરફ જોતાં જે જગોએ ઉભા રહેવાથી ઝાડની ટોચ નજરે પડે, તે જગોથી ઝાડના થડસુધીનું અંતર માપી જોતાં તે જેટલું થાય તેટલી ઝાડની ઉંચાઇ પણ સમજવી. આરીતથી ઝાડનો ગમે તેટલો ભાગ માપી શકાય છે.

વગર ઘડીઆળે વખત જાણવો.

આપણા પાસે ઘડીઆળ ન હોય, અને કેટલા કલાક દિવસ ચડયો હશે તે જાણવું હોય તો સુર્યના તાપમાં આપણો જે છાંયડો પડે છે તે પગે કરી માપી જોતાં જેટલા પગલાં છાંયો થાય તેમાં બીજા ૭ ઉમેરવા, બાદ તે આવેલી સંખ્યાએ ૧૨૧) અંકસો એકવીશ એ કાયમની, સંખ્યાને ભાગવા. ભાગાકાર કરતાં જે જવાબ આવે તેટલી ઘડીઓ અને જે શેષ વધે તેને ૬૦ ગુણી ઉપલીજ સંખ્યાએ ભાગતાં જે જવાબ આવે તેટલી પળો દિવસ ચડયો છે એમ બપોર સુધીના વખત માટે જાણવું. અને

બપોર પછીના વખત માટે આવેલા જવાબ જેટલો દીવસ હવે સુર્યાસ્ત થવાને બાકી છે એમ સમજવું. આવેલી ઘડી પળના કલાક કરવા તેને અઢીએ ભાગવાં.

અસંખ્ય મનુષ્યોના મનની વાત એકજ વખતે જાણવી

મંડળીમાં બેઠેલાં સઘળાં મનુષ્યોને પોતપોતાની ખુશીમાં આવે તેટલી સંખ્યા સુધીનો એક એક આંકડો મનમાં ધારવા કહેવું, બાદ તે દરેક સખ્સે ધારેલા પોતપોતાના આંકડાને સાતે ગુણી તેમાં બીજા ચાર ઉમેરવાં કહેવું. સાતે ગુણી ચાર ઉમેર્યા બાદ આવેલી સંખ્યાને દશે ગુણવા કહેવું અને દશે ગુણતાં જે સંખ્યા આવે તેને ચૌદે ભાગવા કહેવું ભગાકાર કરતાં જે બાકી વધે તેને બારે ગુણવા કહેવું એ પ્રમાણે સઘળાં માણસોએ પ્રથમ જુદા જુદા અંક ધાર્યો છતાં પણ છેવટ સરવેનો જવાબ એક જ એટલે ૧૦૮) એકસો આઠનો આવશે. તેથી તેઓને કહેવુ કે તે તમે સઘળાં મનુષ્યોએ જુદા જુદા અંકો ધારેલાછે. છતાં તે સંઘળાંનો જવાબ મેં તમને કર્ણપીશાચ્ચી દેવીની સહાયતાથી કહી આપું છું, એમ કહી એક કાગળના કડકાપર ૧૦૮)નો આંકડો લખી સર્વેને વારા ફરતી બતાવવો. જેથી વગર પુછે સઘળાંના મનનો જવાબ કેમ જાણ્યો એ વીષે મંડળી અજાયબ થશે.

વીંછીનું વિષ દુર કરનારી ચમત્કારીક લાકડી.

કાચબાનું હાડકું, મનસીલ, હરતાળ અને કૌચનાં બીજ એ સર્વેનું ચુર્ણ કરી ખરલમાં મધની સાથે મર્દન કરવું, બાદ બોરના ઝાડની અગર સંધેસરીના ઝાડની લાકડી લાવી તેનાપર તે ઔષધીનો લેપ કરી છાંયામાં સુકવી રાખવી કોઇને વીંછી કરડયો હોય ત્યારે

આ લાકડી તેના હાથમાં પકડવા આપવી અગર તે લાકડી જ્યાં-સુધી ઝેર ચડયું હોય તે ઠેકાણેથી ડંખ સુધી ફેરવવી. પરંતુ પાછી ઉલટી રીતે ફેરવવી નહીં કારણ તેમ કર્યાથી ઉતરેલું ઝેર પાછું ચડશે.

અંકોલના બીજનું તેલ કાઢવાની રીત—

અંકોલના બીયાં પરનાં ફોતરા કાડી નાંખી ચુરણ કરી તેને તલના તેલની સાત ભાવનાઓ આપવી. બાદ બે કાંસાનાં વાસણો લેઈ તેની અંદરની બાજુએ તે ચુરણનો લેપ કરી, તે બે વાસણોનાં મ્હોં એક બીજાના ઉપર રહે. તેમ લગાડી; તેઓને એકબીજા કાસાના વાસણમાં મુકી સુર્યના તાપમાં રાખવાં. જેથી તે નીચે રાખેલા વાસણમાં તેલ પડશે તે ઉપયોગમાં લેવું.

સાપના વિષપર ચમત્કારીક દવા—પાશેર અફીણનો કસુંબો કાઢી તેની પર અરીઠીઆના ફીણનાં છ, સાંત ટીપાં નાંખવાથી તે બધું અફીણ નીર્વીષ થઇ જાય છે. તો પછી જેને સાંપ કરડયો હોય, અગર જેણે અફીણ ખાધું હોય; તેને જો અરીઠીઆના ફીણનું પાણી પાવામાં આવે. તથા આંખમાં આંજવામાં, અને ડંખ ઉપર ચોપડવામાં આવે તો તે માણસ મોતના ભયમાંથી બચે તેમાં કંઈ નવાઇ નથી અરીઠાનું ફીણ આંખમાં આંજયા પછી તેનાં પાનાનો રસ શરીરે ચોપડવો એ પણ હીતકર છે. વીષ ઉતર્યા પછી આંખોમાં બળતરા થાય તો બે ત્રણ દિવસ સુધી આંખોમાં તાજું માખણ અગર ઘીનું અંજન કરવું, આ પ્રયોગ ઘણોજ ચમત્કારીક છે. કારણ ફક્ત સાપનુંજ નહીં પરંતુ વીંછી, અફીણ, સોમલ, હરતાલ, ધતુરો, મોરથુથું વગેરે હરેક જાતનાં સ્થાવર જંગમ

કિંવા બનાવટી વિષપર અરીઠીઆનું પાણી પાવાથી તત્કાળ ઉલટી થઇ સઘળાં વીષ ઊતરી જાય છે.

પારાનું સોનું બનાવવું—એક મુસમાં થોડો એક પારો ભરી કોઇને કહેવું કે, મારી પાસે કીમીયાની એવી તો સિદ્ધ જડી-બુટીની ભુકી છે કે તેને આ પારાની અંદર નાંખી થોડીવાર અગ્નિ આપતાંની સાથેજ પારાનું સોનું થઇ જશે. એ બાબતની તમને ખાત્રી ન હોય તો જુઓ! એમ કહી મુસમાં પારાની અંદર પારાના વજન જેટલી મ્યુરેટીક ઓફ ગોલ્ડની ભુકી નાંખી અગ્નિ આપવો જેથી પારો તથા મ્યુરેટીક એસીડ ઉડી જઇ મુસમાં ચોખ્ખું સોનું રહેશે જે કાઢી બતાવવું.

પારાનું રૂપું બનાવવું—ઉપલીજ રીતે કરવું. પરંતુ ફે-રમાત્ર એટલોજ કે મુસમાં પારો ઠરવાની વનસ્પતિના બહાને મ્યુરે-ટીક ઓફ ગોલ્ડ ન નાંખતાં નાઇટ્રેટ ઓફ સીલવરની ભુકી નાંખવી.

વાળ કાઢવાનું તેલ—કણેરનું મુળ, દંતી મુળ, નસોતર, કડવું તુરીયું, કેળનો ખાર, અને કેળનું પાણી એ સઘળાં ચાર તોલા લેઇ તેમાં ચોસઠ તોલા પાણી અને સોળ તોલા તેલ નાંખી ઉકાળતાં, પાણી બળી જઇ તેલ માત્ર બાકી રહે ત્યારે ગાળી લેઇ; વાળપર લગાડવાથી ખરી પડે છે.

વાળ કાળા કરવાનો અરક—હરડાં, બહેડાં, આંબળાં, લોઢાનો કાટ, ભાંગનનો રસ એ સઘળાંનો અરક લગાવવાથી ઘણાજ કાળા વાળ થાય છે.

વાળ વધારવાનો લેપ—હાથીદાંતના કોલસાનો ભુકો, અને રસાંજનને બકરીના દુધમાં ખરળ કરી લગાવવાથી હથેળીમાં પણ વાળ આવે, તો પછી માંથાના વાળ વધતાં તો વિલંબજ શાનો ?

ખસ અને દાદરપર ચમત્કારીક દવા—પારો, જીરૂં, શાહ જીરૂં, હળદર, દારૂહળદર, મરીઆં. સિંદુર, ગંધક, અને મનસીલ એ સર્વેનું ચુરણ કરી ઘી સાથે મેળવી ત્રણ વખત લગાવવાથી ખસ, દાદર, ખરજ, વગેરે દુર થાય છે.

ચમત્કારીક શંખદ્રાવ—આકડો, ખરસાંડી, થોર, આમલી, ખાખરો, કાળા તલનું ઘાસ, અઘેડો, ગોખરૂં, કોડી, શંખ, એ સરવની ભસમોના ખાર, પારો, પંચલવણ, પંચખાર, સરવેથી ત્રણગણો ગંધક, સિંધવ, હીરાકશી, ફટકડી, નવસાર, સુરોખાર એ સર્વેની કજળી કરી ઊર્ધ્વનલીકા યંત્રની સ્હાયતાથી અરક કાઢવો. એ અરક જુજ માત્રામાં લેઇ કાચની નળીમાં ભરી દાંતે ન લાગવા દેતાં પીવાથી, ગોળો, પીડ, બવાસીર; બરોળ, જળોદર, વાતોદર, ઊદાવરત વગેરે અનેક પ્રકારના પેટના રોગોનો અકસીર રીતે નાશ થાય છે. આ અરક એટલો તીવ્ર થાય છે કે તેની અંદર સોય, કોડી, શંખ વગેરે નાંખવાથી તત્કાળ તેનું પાણી થઈ જાય છે, આ અરકનો ઉપયોગ કરનારે પથ્ય પાળવું.

એકજ દિવસમાં નપુસકતા દુર કરવાનો પ્રયોગ-સુંદર ખાખરાનું લીલું ઝાડ જોઇ તેના મુળીઆંને ઉઘાડાં કરી તેમાં ચીરા દેવા, બાદ તે મુળીઆં નીચે ઘી ભરી રાખવાનું માટીનું એક ચોવાસણ મુકી મુળીઆં ઉપર અગ્નિ સળગાવવો. એટલે તાપના લાધે તે મુળીઆંમાંનો રસ નીચેના માટીના વાસણમાં પડશે તે રસમાંથી થોડો એક લેઇ નાગરવેલના પાનપર ચોપડી તેમાં મરાઠી નામની વનસ્પતિનું એક ફેંવું ઘાલી ખાવાથી એકજ દિવસમાં પુરૂષાતન આવશે. **ઉતાર**—સ્ત્રી સંગ કરવો

વિર્યસ્તંભન ઔષધિ—કેસર એક તોલો, લવીંગ બે તો-

ળા, જાયફળ ૩ તોલા, અફીણ ચાર તોલા, અને કસ્તુરી બે વાલ એ સર્વેનું ચુરણ કરી મધની સાથે બે રતી વજનની ગોળી વાળવી સાયંકાળે એક ગોળી ખાઇ તેપર દુધ પીવાથી વિર્ય એટલું સ્તંભન થશે કે જ્યાં સુધી કોઇ જાતની ખટાશ ખાશે નહીં ત્યાં સુધી વિર્ય છુટશે નહીં. આ દવાનું દરરોજ સાંજ સવાર સેવન કરી તે પર પૌષ્ટિક ખોરાક ખાવાથી વીર્યસ્તંભન થવા ઉપરાંત નપુસકપણું દુર થઇ, ધાતુ, બળ, પુષ્ટિ. કાન્તિ, બુદ્ધિ. સ્મરણ શક્તિ, જઠરાગ્નિ વગેરેમાં અત્યંત વધારો થશે. તેલ મરચું ને ખટાશની પરહેજી પાળવી.

પ્રમેહ તથા પ્રદર રોગપર ચમત્કારીક ઐાષધી—વાંસકપુર, ચીની કબાબ નાગકેસર, અને એલચી દાણા સમ ભાગે લેઇ વસ્ત્ર ગાળ ચુરણ કરવું. બાદ તે ચુરણ પલળે એટલું ઉતમ ચંદનનું તેલ લેઇ તેમાં તે ભુકીને ભીંજાવી રાખી નાની સોપારી જેવડી ગોળીઓ વાળવી. સવાર તથા સાંજે ચાર તોલા ઠંડુ પાણી લેઇ તેમાં અરધો તોલો સાકર તથા એક ગોળી મેળવી ખાવાથી, અઢાર કલાકની અંદર પ્રમેહ તથા પ્રદરની બળતરા એકદમ દુર થઇ જઇ; સાત દિવસમાં તે બન્ને દરદો દુર થાય છે. પરહેજ પાળવી. ફકત ઘઉં, તુવેર, ઘી અને સાકરનોજ અહાર કરવો.

વિચિત્ર વિરેચન—કડવા તુરીયાનાં બીજ, કડવા તુંબડાનો ગરભ, કુકડ વેલનાં ફળ, નસોતર, શોધેલો નેપાળો, હરડાં, બહેડાં, આંબળાં, સુંઠ, મરી પીંપર, ઇંદ્ર વાયણીનાં મુળ, ગુલાબનાં ફુલ, ખાખરાનાં ફુલ, મેંઢીઆવળ, એરંડાના મુળ, ચણોઠીનાં બીજ, ગરમાળાનો ગોળ, ભોંયરીંગણીનાં ફળ, આકડાનાં મુળ, એ સર્વે સમાન ભાગે લેઇ તે તેનાથી ચાર ગણું ખરસાંડી તથા થોરનું દુધ અને ઘી નાંખી સોળ ગણા પાણીમાં ઉકાળો કરતાં જ્યારે સઘળું

પાણી તથા દુધ વગેરે બળી જઇ ઘી માત્ર શેષ રહે ત્યારે ઉતારી લેઇ ગાળી લેવું. એ ઘીનું દુંટી (નાભી) ઉપર સારી રીતે મરદન કરવાથી જુલ્લાબ લાગશે. જુલાબ વાળવો હોય ત્યારે લેપને ગરમ પાણીથી સારી રીતે ધોઇ નાંખવો.

વૈરાટ સ્વરૂપ દર્શન—શુકલ પક્ષની બારસથી પુનમ સુધીના દિવસોમાં જ્યારે ચંદ્ર નિર્મળ રીતે પ્રકાશતો હોય, ત્યારે એક સપાટ મેદાનમાં જઇ સ્થિર ચિત્તે આંખની મીટ માર્યા સિવાય થોડીવાર સુધી આપણી છાયા તરફ એકી નજરે જોઇ રહી પછી એકદમ આકાશ તરફ જેવાથી આકાશમાં એક અતિ ઘણું ભયંકર રૂપ માલુમ પડે છે.

પીશાચ દર્શન—કોઇ માણસના મ્હોડાપર ફેઇસપાઉડર (જે ગોરા લોકોની ઓરતો બહાર જતી વખત લગાવી જાય છે, તથા નાટકશાળા વગેરેનાં માણસો સફેદ મ્હોં થવા લગાડે છે તે) લગાવવો, જેથી તેનુ મ્હોં ઘણું સુંદર દેખાશે. બાદ એક આરસીપર હાઇડરોકલોરીક એસીડ ચોપડીને તે આરસી તેને મ્હોં જોવાને આપશો, તો પ્રથમ તો તેને પોતાનું મ્હોં સફેદજ દેખાશે. પરંતુ થોડીવારમાં હાઇડરોકલોરીકમાંથી નિકળતો ગ્યાસ તેના મ્હોંપર લાગવાથી એક વાંદરા જેવો કાળો મેંસ જેવો મ્હોંનો રંગ થઇ જશે જેથી આમ અકસ્માત રીતે તેના મ્હોંનો રંગ કેમ બદલાઇ ગયો, તેની મંડળીને માહીતી ન પડવાથી તે ખરેખરી અજાયબીમાં પડશે.

સજીવ યમપુરી દર્શન—કેટલાંક માણસોને ભેગાં કરી કહેવું કે હું મારી વિદ્યાનાબળે સદેહે યમપુરીનાં દર્શન કરી શકુ છું. તેવાત જો તમે ન માનતા હોતો તમને પણ યમપુરીનાં દર્શન કરાવું મંડળીએ હા પાડયા પછી તેઓ સઘળાંને એક મકાનમાં લેઇ જઇ તેનાં સઘળાં બારી બારણાં બંધ કરવાં, અને થોડીએક વાર કંઇ મંત્ર, તંત્રનો ઢોંગ કર્યા બાદ કેટલીક રકાબીઓમાં મીઠું મેળવેલો ચોખ્ખો સ્પીરીટ (પીવાનો દારૂ) સળગાવવો. બાદ જે તેલના દીવા તે મકાનમાં રાખેલા હોય તે બુજાવી નાંખી ફકત આ સ્પીરીટના

દીવાઓનોજ પ્રકાશ પડવા દેવો જેથી આખા મકાનની અંદરની વસ્તુઓ, માણુસો, અને તેમના પોશાકમાં વીચીત્ર ફેરફાર માલુમ પડશે. કારણુ સ્પીરીટમાં મીઠું મેળવી તે સ્પીરીટને સળગાવવાથી તેનો જે ઉજાસ પડે છે તેમાં એવો ચમત્કાર રહેલો છે કે જેટલી જગોમાં તે પ્રકાશ પડે છે તેટલી જગામાં બેઠેલાં માણુસો, વસ્તુઓ વગેરે ગમે તે રંગના હોય, એટલે તે જગોમાં જો લાલ, કાળી, લીલી ગુલાબી આસમાની. સફેદ એવી ગમે તેવા રંગની વસ્તુઓ પ્રાણીઓ, વગેરે રાખેલાં હોય અગર ગમે તેટલા જુદા જુદા રંગના પોષાકો પહેરીને માણુસો બેઠેલાં હોય તે સઘળાંનો રંગ બદલઈ જય સઘળી ચીજો ફકત પીળાજ રંગની છે એમ માલુમ પડે છે સિવાય બીજો ફેરફાર એ થાય છે કે ત્યાં આગળ બેઠેલાં માણુસોમાંથી જો કે કેટલાંક વૃદ્ધ, કેટલાંક તરૂણુ, કેટલાક બાળકો, અને કેટલાંક અતિ ખુબ સુરત અગર બદસીકલનાં, કે દુબળાં. અગર પુષ્ટ હોય તો પણુ તે સઘળાંના મ્હોનો ચહેરો બદલાઇ જઈ જયારે કોઇ માણુસ મ્હોતની છેલ્લી ઘડીએ જઇ પહોચેલું હોય છે ત્યારે તેનો ચહેરો જેવો ભયંકર લાગે છે એ રીતે મંડળીના સઘળાં માણુસોનો ચહેરો પણુ જાણે તેઓ સઘળાં મરવા પડયાં હોય એવો ભયકર તથા દયા જનક લાગે છે તેથી સૌ માણુસો એકબીજાનો ચહેરો જોઇ હસવાજ મંડી જાય છે. પરંતુ પોતાની પણુ એવી સ્થીતિ થયેલી છે એમ ભાગ્યેજ વિચાર કરે છે. આ રીતે દારૂ કે જેને આપણે ધીકકારી કાઢીએ છીએ, તથા મીઠું કે જેને એક સાધારણુ ચીજ ગણીએ છીએ તેઓના સંયોગમાં આવો વીચીત્ર ચમત્કાર રહેલો છે, પરંતું હત ભાગ્ય હીંદુસ્તાન ? તારા તનુજોમાં અજ્ઞાન અને આળસે એવું તો ઘર કરેલું છે કે તે આવા સ્હેલા પ્રયોગો શોધી કાઢવાને પણ શકિતમાન નથી. તો પછી દેશોન્નતિક કળાઓ શોધી કાઢવાને તો આશાજ શું કામ કરવી. (આ પ્રયોગ) રાત્રીના વખતે કરવો. અને જો ઉપર કહયા મુજબ બરોબર અસર ન થાયે તો દારૂમાં થોડુક વધારે મીઠું ઉમેરવું. તથા રકાબીમાં એકદમ સઘળો સ્પીરીટ ન પુરતાં પ્રથમ થોડો નાંખી તે સળગાવી જેમ જેમ બળતો જાય

તેમ તેમ થોડો ઉમેરતા જવું કારણ એકદમ સઘળો પુરવાથી તે સઘળો એકીવખતે સળગી ઉઠી થોડી વારમાં ખલાસ થશે.

ભાવિષ્ય કથન—આશરે પાંચ છ લાલ જસદ ગંધકના તેજાબમાં એક વાઇન ગલાસ (દારૂનું પ્યાલું) પાણી ઉમેરી તેનાથી એક કાગળ ઉપર કાંઇપણ લખવું, જે સુકાયા બાદ કાગળ કોરો જણાશે. પરંતુ તે કાગળપર શું લખેલું છે તે બરાબર રીતે યાદ રાખવું. પછી કેટલીક મંડલી આગળ કહોકે તમે વગર પુછે પારકાના મનનો વીચાર જણાવવાને શકિતવાન છો અને તે વાતની જો મંડળીને ખાત્રી ન થતી હોય તો કોઇ એકાદ માણસ પોતાના મનનો વિચાર કોઇને પણ ન બતાવતાં એક કાગળ ઉપર લખે, મંડળીમાંથી એકાદ માણસ તેમ લખવાંને તૈયાર થયો કે તરતજ આપણે કહેવું કે આ માણસે શું લખવા ધાર્યું છે તે મેં મારી વીધાના જોરથી જાણી લીધું- તેથી હું હમણાંજ તેના મનની વાત એક કાગળપર લખી મંડળીને આપું છું એમકહી પેલા કાગળ પર ગધંકના તેજાબથી જે બીના આપણે લખી રાખેલી હોય તે બરાબર અક્ષરે અક્ષર એક કાગળ પર પેનસીલથી લખી તે કાગળ બંધ કરી મંડળીને પકડવા આપવો. (કોઇ કાગળ ફોડીને વાંચે નહીં તેની તપાસ રાખવી) બાદ પેલા લખવા તૈયાર થયેલા માણસના હાથમાં જે કાગળ પર આપણે ગંધકના તેજાબથી લખેલું હોય તે કાગળ આપવો, તેનેતો એ કાગળ કોરોજ દેખાશે) અને એક શાહી ભરવાના ખડીઆમાં ટીંકચર ઓફ આયોડાઇન (આયોડાઇનનો અરક) ભરી તે ખડીઓ તથા એક કોરી કલમ તેની આગળ મુકી (આપણે પ્રથમ ગંધકના તેજાબથી જેમ લખ્યું હોય તે કરતાં આડી લીટીઓમાં) તેના મનના વિચારો લખવા કહેવું. તેણે લખ્યા બાદ આપણે થોડાએક દેવતાના અંગારા લાવી તેનાપર ધુપ નાંખી મ્હોંડેથી કંઇ મંત્ર બોલવો, અને તેણે લખેલું લખાણ અગ્નિપર પકડી રાખવા કહેવું, થોડીવાર એમ અગ્નિપર પકડી રાખ્યા બાદ મંડળીમાંના એક માણસને ત્યાં આગળ બોલાવીને તે

ના હાથમાં કાગળ આપી વાંચવાને કહેવું. તેણે તે કાગળ વાંગી રહ્યા બાદ મંડળીના હાથમાં આપણે લખીને આપેલી ચીઠી પણ વાંચવાને કહેવું જે વાંચી જોયાથી બંને કાગળોની એકજ મતલબ સાંભળી મંડળી અતિશય અજાયબીમાં પડશે, તે ઉપરાંત લખનારની અજાયબીનો તો પારજ નહીં રહે, કારણ તેના મનથી તો તેણે બીજી બાબત લખેલી હોવા છતાં તે આમ એકાએક બદલાઇ કેમ ગઇ તેની તે અજાયબીમાં પડશે. જ્યારે આપણે તેને ગાંડામાં ગણી કાઢીશું. (લખાણ બદલાઈ જવાનું કારણ એમ બને છે કે કાગળને અગ્નીપર ધરવાથી આયોડાઇનના અક્ષરો ઉડી જઇ ગંધકના અક્ષરો પ્રગટ થાય છે. લખાંણ કાગળની એકજ બાજુ કરાવવું.)

ભુત સાબીત કરી બતાવવું—એક કાચના વાસણમાં અરધો પોણો તોલો નાઇટરેટ ઓફ એમોનીઆના ગાંગડા નાંખવા. બાદ તેને એક સ્પીરીટ (ચોખ્ખો દારૂ)ના દીવા ઉપર ધરવું; એટલે તે ગાગડાઓ ઓગળવા માંડી તેમાંથી એક જાતનો ગ્યાસ (વરાળ) નિકળવા માંડશે. જે ગ્યાસ નિકળે તેને એક મોટા રબરના ફુગ્ગામાં ભરી રાખો. ફુગ્ગા સાથે એક મજબુત ઢાંકણાવાળી નળી જોડી રાખેલી હોવી જોઇએ, તથા ફુંગામાં ગ્યાસ ભરી રહ્યા બાદ તે નળીના છેડાનું ઢાંકણું મજબુત બંધ કરી રાખવું જોઇએ. એવી રીતે ફુંગાને તૈયાર કર્યા પછી તમે મંડળી આગળ જાહેર કરો કે તમે એક ભુતને વશ કરેલું છે, અને તે જો મંડળી ન માનતી હોય તો એક માણસના શરીરમાં હું તે ભુત ઉતારી બતાવું છું. મંડળીમાંથી એકાદ માણસ પોતાના શરીરમાં ભુતને લેવા તૈયાર થાય; કે તેને પ્રથમ તેના પેટમાંની સઘળી હવા બહાર કાઢી નાંખવાને કહો. જેવો તે હવા કહાડી રહે કે પેલી નળી તેના મોંમાં મુકી ઢાંકણું ઉઘાડી નાંખી બહારની હવાને બદલે નળીમાંથી હવાનો દમ લેવાને તેને કહો. જેવો તે હવાનો દમ લેશે તેવોજ તેની વર્તણુકમાં અજાયબ જેવો ફેરફાર માલુમ પડશે. પહેલાં જો

કે તે ઘણા નરમ સ્વભાવવાળો હશે તો પણ હવે તેના શરીરમાં જેમ ભુત ભરાયું હોય તેમ ઘડીકમાં હસવા, ઘડીકમાં રડવા અને બીજા અનેક પ્રકારના ચાળા કરવા માંડશે. તથા પોતે જાણે મોટા પહેલવાન મલ હોય તેમ બીજાઓને મારવા દોડશે, તથા મોટી ભારે ભારે વસ્તુઓ ઊઠાવવા વળગી જશે.

ગર્ભસ્થંભન ઔષધી—રવીવારે પવિત્ર થઇ જેઠી મધનું મુળ લાવી ગર્ભવંતી સ્ત્રીની કમરે બાંધવાથી તેનો ગર્ભ પડતોઅટકશે.

સુખે પ્રસવ કરવો— જે સ્ત્રી પ્રસવ વખતે કષ્ટાતી હોય તેના મસ્તક અગર કમરમાં અઘેડાનું અથવા આકડો. ઉત્કંટા, ભોંયરીંગની, કે કલીહારીનું મુળ બાંધવાથી તત્કાર પ્રસવ થાય છે. પ્રસવ થાય કે તુરત મુળ છોડી નાંખવું

વીર સાધનથી માટીનું કંકુ અગર અબીલ કરી આપવો—કંકુ અથવા અબીલને પાણીમાં મેળવી તેની જુદી જુદી ગોળીઓ કરી રાખે છે. પછી કોઇ જાણે નહીં તેમ તે ગોળા જમીન ઉપર નાંખી ચમત્કાર દેખાડતી વખતે જમીન ઉપરથી માટી લે તેવી રીતે બતાવીને ગોળા હાથમાં લેઇ બન્ને હાથ ચોળીને અબી લ અથવા કંકુ કરી બતાવે છે. તે સર્વને સુંઘાડે છે તેમજ ચાંલ્લા કરે છે, વખતે આ ખેલ બિછાના ઉપર કરવાનો સમય હોય તો તે ગોળી હાથમાં સંતાડી હાથ ઉપર હાથ ચોળી ઉપર પ્રમાણે ગોળી ભાગી કંકુ અથવા અબીલ કરી દેખાડે છે તે જોઇ લોકો આશ્ચર્ય પામે છે,

૬૫ **વાણી સ્પષ્ટકરણ**—પહાડમુળ, વજ, મરીઆં, લીડીપીપર, ખજુર, સિંધવ, સુંઠ, અકલગરો; અને મીઠા સરગવાનાં મુળ, એ સર્વે સરખે ભાગે લેઇ ચુરણ કરી ચુરણથી ચારગણું ઘી, અને સોળગણું બકરીનું દુધ, નાંખી ઉકાળો કરતાં જયારે દુધ બળી જઇ ફકત ઘી રહે ત્યારે તેને ઉતારી ગળી લેઈ દરરોજ એક તોલો ખાવાથી તોતડાપણું, મુંગાપણું વગેરે દુર થઇ વાણી સ્પષ્ટ થાય છે.

કાર્ય સિદ્ધ કરવાની ઉત્તમ યુક્તિ.—અશ્વની નક્ષત્રમાં કુટની છાલ, ભરણીએ જવ ને ચોખા કે તલ ને શાકર, કૃતકાએ દહીં ને ગોળ, રોહિણીએ મગની દાળ કે ટાઉસ, મૃગશીર્ષે શીતાફળ કે કસ્તુરી, આર્દ્રાએ માખણ, પુનર્વસુએ ઘી, પુષ્યેકાળી ગાયના દુધની ખીર. અશ્લેષાએ તુરીયું, મઘાએ કસુંબો, કેશર કે કંસાર. પૂર્વા ફાલ્ગુનિએ ચીભડું ઉત્તરા ફાલ્ગુનિએ સૂર્ય વિકાશી કમળ, હસ્તે જુવારનો બથુવો, ચિત્રાએ મગની દાળ, સ્વાતિએ મીઠાં ફળ, વિશાખાએ અગથિયાનું ફળ અનુંરાધાએ કશી પાપડો કે ચોખા, જ્યેષ્ઠાએ બાજરીનો આટો અને સાકરની કુલેર કે કેળુ, મુળે મુળાનાં પાંદડાંનુ શાક, પૂર્વાષાઢાએ આંબળાંની ખીર, ઉત્તરાષાઢાએ બીલીફળ, અભીજીતે, ખીર, શ્રવણે ભેંસનું દુધ કે પોંક, ધનિષ્ઠાએ નાળિયેરનું ટોપરૂં શતતારાએ તુંબડીનું ફળ, પૂર્વાભદ્રએપદે કારેલાનુ શાક. ઉત્તરાભદ્રાપદે શીંગોડું, રેવતીએ શેલડી એ પ્રમાણે જૂદા જૂદા નક્ષત્રમાં જૂદી જૂદી ચીજનું ભોજન કરી ગમન કરવાથી કાર્યની સિદ્ધ થશે.

મૌન વ્રતધારીઓને લાભ.—પારીસ શહેરમાં મૌનવ્રતધારીઓની એક કલબ સ્થપાઈ છે. આ કલબના મેમ્બરોનો એક મુખ્ય નિયમ એ છે, કે **જરૂરી કામ સિવાય બોલવું નહિ.** ઘણી ગરબડ—ધાંધલવાળી જગ્યાએ તેઓ જતા પણ નથી. આનું પરિણામ એ આવ્યું છે કે તેઓ તે કલબમાં દાખલ થયા ત્યાર પછી હેમના **શાનતંતુ** વધારે **તંદુરસ્ત** થયાં છે, તેઓની શકિત પણ વધી છે અને વધારે ઉંડો **વીચાર** કરવાને તેઓ સમર્થ બન્યા છે, '**થોડું બોલનાર થાંભલા કોરે ?**', એ કહેવતની સત્યતા હવે સાબીત થઇ ચૂકી છે.

દાંત મજબુત કરવાનો ઉપાય.—પ્રખ્યાત હોરેસ વોલપોલ લખી ગયો છે કે. " અઠવાડીયામાં બે–ત્રણ વખત ફટકડીનો ટુકડો મ્હોમાં થોડી વાર રાખીને પછી થુંકી નાંખવાની ટેવથી મારા દાંત જુની અસલી કલમ જેવા મજબૂત થયા છે.

ચમત્કારી જાદુઇ પુસ્તકો.

પુસ્તકોનું નામ.	કિં. રૂ. આ. પૈ.
કામરૂ દેશની વિદ્યા–મંત્ર જંત્રનો મોટો સંગ્રહ.	૧–૦–૦
સુંદર દેવ વિદ્યા–ગુપ્ત વિદ્યાનો ઉત્તમ ગ્રંથ......	૧–૦–૦
અનંત રંગ–કોકશાસ્ત્રનો સંપુર્ણ સાર............	૧–૦–૦
હેરતાઈ જાદુગર–ચીત્ર સાથેનું જાદુઇ પુસ્તક......	૦–૮–૦
જાદુકપટ–હાથચાલાકીના ખેલોનો સંગ્રહ............	૦–૪–૦
જાદુમંત્ર પ્રકાશ–જાદુઇ મંત્ર વિદ્યા વિષે.........	૦–૪–૦
મેસમેરીઝમ–હાજરાત ભરવાની રીત સાથે.........	૦–૪–૦
હીપનોટીઝમ–રહેલામાં રહેલી જાદુ વિદ્યા.........	૦–૪–૦
સુરવિદ્યા–સ્વર સાસ્ત્રનું જ્ઞાન......................	૦–૪–૦
મેન્ટલ ટેલીપથી–જે મંગાવે તેને મફત મફત—મફત !	
સ્પીરીચ્યુએલીઝમ–ભૂત બોલાવવાની વિદ્યા.........	૦–૪–૦
ભયંકર ભુતાવળી–ભૂત વિદ્યા વિષે................	૦–૪–૦
જાદુઇ જડી બુટ્ટી...જાદુઇ વૈદકની બુક............	૦–૮–૦
મંત્રની ચોપડી–સાપ વીંછીના મંત્રો..............	૦–૨–૦
પ્રેતા વાહન–ભૂત વિદ્યા વિષે વિવેચન..............	૦–૧–૦

સૂચના—જે બુકો જોઇએ તેના પૈસા મનીઆરડરથી અથવા પોષ્ટની ટીકીટો મારફતે મોકલી મંગાવી લેવી. વી પી મોકલવામાં નહીં આવે. જવાબ સારૂ ટીકીટ બીડવી.

માસ્તર—નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.